# <u>વિકાસ શાખા</u>

## (૧) સરદાર પટેલ આવાસ યોજના–૧ :-

ગ્રામ્યકક્ષાએ બી.પી.એલ.લાભાર્થીને રાહતનો પ્લોટ આપવો અને તેના ઉપર મકાન બનાવવાની કામગીરી કરવી.

(૧) બીપીએલ લાભાર્થી હોવો જોઈએ.

(૨) રાહતનો પ્લોટ અગરતો ખાનગી પ્લોટ હોવો જાઈએ.

(૩) પિયતવાળી જમીન ૧/૨ હેકટરથી ઓછી અને બીન પિયતવાળી જમીન ૧ હેકટરથી ઓછી હોવી જોઈએ.

(૪) લાભાર્થીની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઈએ.

ગ્રામ્ય વિસ્તારમાં જમીન વિહોણા ખેતમજુરો અને ગ્રામ્ય કારીગરોને રહેણાંકનું મકાન બનાવવા ૧૦૦ ચો.વારના મફત પ્લોટ ફાળવવાની યોજના સને ૧૯૭૨થી અમલમાં મુકેલ, ત્યારબાદ સને ૧૯૭૬ થી ૧૦૦ ચો.વારના ફાળવેલ મફત પ્લોટ ઉપર મકાન બાંધકામ સહાયની યોજના અમલમાં મુકેલ છે. સરકારશ્રીના તા. ૧/૫/૧૦૦૭ના ઠરાવથી મફત પ્લોટ ફાળવણીની યોજના (એચ.એસ.જી.૭) અને મકાન બાંધકામ સહાયની યોજના (એચ.એસ.જી.૮) આ બંનેને સંકલિત કરીને નવમી પંચવર્ષિય યોજનાના ભાગ તા.૧/૪/૧૯૯૭ થી નવી આવાસ યોજના " સરદાર પટેલ આવાસ યોજના " અમલમાં મુકવામાં આવેલ છે અને જેમાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતા, રૂા.૧૧,૦૦૦/–થી ઓછી આવક ધરાવતા ગરીબી રેખા હેઠળ જીવતા, ઘર વિહોણા કુટુંબને આ યોજનાનો લાભ મળી શકે તેવી જોગવાઈ થયેલ છે.

શરૂઆતમાં તા.૧/૫/૧૯૯૭ના ઠરાવથી સહાયનું ધોરણ નકકી થયેલ હતું. બાદ જુદા જુદા વિભાગની આવાસ યોજનાઓ માટે યુનિટ કોસ્ટ નકકી થયેલ. આ મુજબ સરદાર પટેલ આવાસ યોજના માટે સરકારશ્રીના તા.૧૧/૮/૨૦૧૦ના ઠરાવથી તા.૧/૪/૨૦૧૦થી રૂા.૪૫,૦૦૦/– રાજય સરકારની સહાય આપવાનું ધોરણ અમલમાં મુકવામાં આવેલ છે.

**(૨) બી.પી.એલ. સિવાયના લાભાર્થીઓ માટેની સરદાર આવસ યોજના– ૨ :-**

ગ્રામ્ય વિકાસ સર્વે ૨૦૦૨ ના ૨૧ કે તેથી ઉપરના ગુણાંકના કાચા આવાસ ધરાવતા તથા સર્વે યાદીમાં સમાવિષ્ઠ ન હોય તેવા તમામ કાચા આવાસ ધરાવતા ગ્રામ્ય લાભાર્થીઓને પાકું આવાસ બાંધવા " સરદાર આવાસ યોજના–૨ " સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૮/૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃઅવસ/૧૦૨૦૧૪/૧૫૮ /લ થી અમલમાં મુકેલ છે.

**સહાયનું ધોરણઃ–**

નવા આવાસની કુલ લઘુતમ બાંધકામની યુનિટ કોસ્ટ રૂા.૧,૦૦,૦૦૦/– સામે રાજય સરકાર ધ્વારા રૂા.૪૦,૦૦૦/– સહાય નીચેની વિગતે ત્રણ તબકકે ચુકવવામાં આવશે.

– પ્રથમ હપ્તો : રૂા.૧૦,૦૦૦/– મંજુરીના હુકમ સાથે.

– બીજો હપ્તો : રૂા.૨૦,૦૦૦/– લીન્ટલ લેવલ સુધીના બાંધકામ તથા શૌચાલયના બાંધકામ પુર્ણ થયેથી.

– ત્રીજો હપ્તો : રૂા.૧૦,૦૦૦/– બાંધકામ પુર્ણ થયેથી.

**રૂા.૪૦,૦૦૦/–**

## (૩) રાજ્ય સમકારી નિધી :-

સરકારશ્રીના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : રસન/૧૦૮૯/૨૨૧૬/જ તા.૨૦/૦૫/૧૯૯૨ના ઠરાવ મુજબ રાજ્ય સમકારી નિધીમાંથી જિલ્લા પંચાયતને ફાળવવામાં આવતી ગ્રાન્ટનો નીચે મુજબના હેતુઓ માટે ફાળવવાની થાય છે.

- પછાત વિસ્તારના અને પછાત વસ્તીના આર્થિક અને સામાજિક ઉત્કર્ષના કામો માટે.
- પોત ઉત્પાદનની યોજનાઓ માટે.
- પીવાના પાણીની યોજનાઓ માટે.
- ગ્રામ્ય વીજળીકરણ માટે.
- ગ્રામ્ય રસ્તાઓ માટે.
- ગ્રામોધોગ માટે.
- શિક્ષણ ખાસ કરીને પ્રૌઢ શિક્ષણ માટે.
- નશાબંધી માટે.
- ઘરવિહોણા મજુરોને ઘરથાળની જમીન આપવાની યોજનાઓ ફાળવેલ પ્લોટ પર મકાનો બાંધવા માટે જે પંચાયતો ખરેખર ઘણીજ આર્થિક નબળી હોય.
- બક્ષીપંચ હેઠળ પછાત જાહેર કરેલ જાતિઓના ઉત્કર્ષ માટેના કાર્યક્રમો અને યોજનાઓ માટે.
- હળપતિ સર્વોદય યોજનામાં ફાળો આપવા માટે.

| અ.નં. | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | કરેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬/૧૭ | ૪,૮૫,૦૦૦/- | ૪,૮૫,૦૦૦/- |
| ૨ | ૨૦૧૭/૧૮ | ૩,૬૬,૦૦૦/- | ૩,૬૬,૦૦૦/- |

## (૪) ૧૪મું નાણાપંચ :-

૧. સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રા.વિ. વિભાગના તા.૩૦/૧૨/૧૫ના ઠરાવથી ૧૪મું નાણાપંચ વર્ષ ૨૦૧૫–૨૦ના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન અમલમાં મૂકવામાં આવેલ છે.

૨. નાણાંકીય ફંડ વર્ષ ૨૦૧૧ની વસ્તીને આધાર ગણી કુલ ગ્રાન્ટના ૯૦% ગ્રામ પંચાયતની વસ્તી અને ૧૦% ગ્રાન્ટ ગ્રામ પંચાયતના વિસ્તાર આધારે ફાળવણી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. ગ્રાન્ટના ઉપયોગ માટે –૧૫ પ્રકારના કામોની જોગવાઈ થયેલ છે જે નીચે મુજબ છે.

- પાણીના કામો
- સેનીટેશન
- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ
- સ્ટર્મ વોટર ડ્રેનેજ
- આંતરિક રસ્તા
- ગામના મુખ્ય માર્ગ ઉપર ફુટપાથ
- હાટ બજાર
- પ્રાથમિક શિક્ષણમાં ખુટતી પાયાની સુવિધા
- આંગણવાડી કેન્દ્રોમાં ખુટતી સુવિધા
- સામુહિક સુવિધાઓ પુરી પાડવાના કામો
- મનરેગા યોજનાના કન્વર્ઝન્સમાં મિલ્કતોના ટકાઉપણામાં વધારો કરવા માટેના કામો
- ઈ–ગ્રામની સુવિધામાં વધારો કરવાના કામો
- વિજળીકરણના કામો
- કોમ્યુનીટી એસેટના કામો તથા કોમ્યુનીટી એસેટની જાળવણી
- કબ્રસ્તાન/સ્મશાન ગૃહના કામો

૪. દરેક ગ્રામ પંચાયતએ વર્ષ ૨૦૧૫/૧૬થી વર્ષ ૨૦૧૯/૨૦ સુધી પાંચ વર્ષ માટેનો વીલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરી તાલુકા વિકાસ અધિકારીશ્રીને ચકાસણી માટે મોકલી આપવાનો હોય છે અને તાલુકા વિકાસ અધિકારીશ્રીએ અવલોકન કરી પ્લાન જરૂરી સૂચનો કરી પરત કરવાનો થાય અને આ પરત મળેલ પ્લાન ગ્રામ પંચાયતની ગ્રામસભામાં મંજુરી મેળવી તાંત્રિક/ વહીવટી મંજુરી મેળવી કામો શરૂ કરવાના થાય છે.

૫. વીડીપી આધારે ગ્રામ પંચાયતે કામની જરૂરીયાત ધ્યાને લઈ પ્રાથમિકતાના ધોરણે વાર્ષિક વિકાસ પ્લાન મંજુર કરવાનો રહે છે.

૬. વાર્ષિક પ્લાનામાં જો ફેરફાર કરવાના થાય તો તે અંગે ગ્રામસભાની મંજુરી લેવાની રહે છે.

૭. દરેક ગ્રામ પંચાયતે વીડીપી મંજુર થયેથી પાંચ વર્ષની વર્ષવાર ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહે છે. બનાસકાંઠા જિલ્લામાં તમામ ગ્રામપંચાયતોની વીડીપી ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ થયેલ છે. ડેટા એન્ટ્રી માટે દરેક ગ્રામ પંચાયતના વી.સી.ને અલાયદા મહેનતાણું આપવાની જોગવાઈ ૧૪મા નાણાપંચમાં થયેલ છે.

૮. જિલ્લા કક્ષાએ નાણાપંચના કામોના આયોજન અને અમલવારી અંગે જિલ્લા મોનીટરીંગ કમિટીની રચના થયેલ છે અને જેના અધ્યક્ષ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા સભ્ય સચિવ હિસાબી અધિકારીશ્રીને નિયુકત કરવામાં આવેલ છે.

૯. પર્ફોમન્સ ગ્રાન્ટ માટે ગ્રામ પંચાયતના છેલ્લા બે વર્ષના ઓડીટના આધારે ગ્રામ પંચાયતની આવકમાં વધારો થયેલ હોય તો વધારો થયેલ ગ્રામ પંચાયતોને જ પર્ફોમન્સ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.

| અ.નં. | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા.લાખમાં) | કરેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૫/૧૬ | ૬૭૦૨.૬૦ | ૬૫૮૭.૮૧ |
| ૨ | ૨૦૧૬/૧૭ | ૧૦૦૩૮.૨૪ | ૯૪૪૫.૨૬ |
| ૩ | ૨૦૧૭/૧૮ | ૧૦૪૫૬.૫૫ | ૩૭૪૨.૭૯ |

**નોંધઃ– વર્ષ ૨૦૧૭/૧૮ની બીજા હપ્તાની ગ્રાન્ટ ફેબ્રુઆરી–૨૦૧૮માં ફાળવણી થઈ આવેલ હોઈ ખર્ચ ઓછો થવા પામેલ છે.**

**<u>(૫) પંચવટી યોજના :-</u>**

રાજયના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય પ્રજાના આનંદ પ્રમોદ માટે સુવિધા યુકત બાગ બગીચાને પ્રોત્સાહક આપતી નવતર યોજના.

સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૧/૯/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૨૦૦૪–૧૩૯૭–ચ થી રાજયના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં વર્ષ ૨૦૦૪/૦૫ થી પંચવટી યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

**<u>યોજનાનો હેતુ :–</u>**

❖ ગ્રામ્યપ્રજાની સુખાકારી માટે તથા ગામોમાં સુવિધાયુકત બાગ–બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ–પ્રમોદના સાધનો સહેલાઈ થી ઉપલબ્ધ થાય તે છે.

❖ લોકો સમી સાંજે પોતાનો સમય આનંદપૂર્વક વ્યતીત કરી શકે, મહિલાઓ પોતાના બાળકો સાથે શાંતિથી સમય પસાર કરી શકે.

❖ ગામની વૃધ્ધ વ્યકિતઓ આરામથી બેસી સમય પસાર કરી શકે તથા ચિંતન કરી શકે તેવા સ્થળનું નિર્માણ કરવાનો હેતુ છે.

❖ પંચવટી યોજનામાં પીપળ, વડ, હરડે, વેલ, અશોક તથા અનેક ફળાઉ વૃક્ષો વાવવાનાં છે, જેથી પારંપારીક સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાઈ રહે.

**<u>જોગવાઈ:–</u>**

( રૂા.૫૦,૦૦૦/– (રૂા.પચાસ હજાર પુરા) ની રકમ ભરનાર ગ્રામ પંચાયતને પંચવટી યોજનામાં અગ્રીમતા આપવામાં આવશે.

( રૂા.૫૦,૦૦૦/–નો લોકફાળો ભરી ન શકે તેવી પંચાયતોને કોલગી સમિતિની ભલામણ મુજબના તથા આદિજાતિ વસ્તી ધરાવતા તાલુકાઓની ગ્રામ પંચાયતોને પંચવટી યોજનાના અમલ માટે માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી રૂા.૫૦,૦૦૦/– ની રકમ લોકફાળા તરીકે આપવા જોગવાઈ થયેલ છે.આ જોગવાઈ મુજબ બનાસકાંઠા જિલ્લાના અનુક્રમે (૧)વાવ, (૨) થરાદ, (૩)અમીરગઢ, (૪)દાંતા નો સમાવેશ થાય છે.

**<u>નાણાંકીય જોગવાઈ:–</u>**

આ યોજના તળે રાજય સરકારની અંદાજ પત્રની જોગવાઈમાંથી રૂા.૧.૦૦ લાખ(રૂા. એક લાખ પુરા)નું અનુદાન પસંદ થયેલ ગ્રામ પંચાયતને પંચવટી યોજના વિકસાવવા માટે આપવા જોગવાઈ કરેલ છે.

## (૬) પંચાયતઘર કમ તલાટી કમ મંત્રી આવાસ યોજના :-

### (૧) જુના અને જર્જરીત ગ્રામ પંચાયત ઘરને રીપેરીંગ કરવાની યોજનાઃ–

ગુજરાત સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગુજરાત રાજય ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ પચત/૨૦૧૫/૩૦૮૫/ચ/તા.૩૦/૪/૨૦૧૬થી આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ જે ગ્રામ પંચાયતનું મકાન ૧૫ વર્ષ કે તેથી વધુ જુનુ/જર્જરીત હોય તેવી ગ્રામ પંચાયતઘરને અપગ્રેડ (રીપેરીંગ) કરવા માટેની જોગવાઈ કરેલ છે. આ યોજનામાં પંચાયતઘરને રીપેરીંગ કરવા માટે મહતમ સહાયની રકમ રૂા.૫.૦૦ લાખ નકકી કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | ફાળવેલ લક્ષ્યાંક | થયેલ સિધ્ધી |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬/૧૭ | ૬૪ | ૬૪ |

### (૨) જર્જરીત ગ્રામ પંચાયત અને ગ્રામ પંચાયતઘર વિહોણી ગ્રામ પંચાયતો માટે નવિન ગ્રામ પંચાયતઘર કમ તલાટી કમ મંત્રી આવાસ તેમજ જુથ ગ્રામ પંચાયતોમાં મહેસુલી ગ્રામ પંચાયતો માટે (મીની પંચાયતઘર) ગ્રામ પંચાયત રૂમ બાંધવા માટેની યોજના.

ગુજરાત સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગુજરાત રાજય ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ તકમ/૨૦૧૫/૩૦૧૭/ચ/તા.૩/૬/૨૦૧૬થી યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ ઠરાવ હેઠળ ૨૦ વર્ષ કે તેથી વધારે જુની જર્જરીત હોય પરંતુ મરામત ન કરી શકાય તેવી (૧) ગ્રામ પંચાયતઘર ધરાવતી ગ્રામ પંચાયતો માટે, (૨) વિભાજીત થયેલી અને પંચાયતઘર કમ તલાટી કમ મંત્રી આવાસ વિહોણી ગ્રામ પંચાયતો માટે તથા (૩) જુથ ગ્રામ પંચાયતોમાં ગ્રામ પંચાયતઘર કમ તલાટી કમ મંત્રી આવાસ ધરાવતા મહેસુલી

ગામથી વધુ દુરના અંતરે આવેલા મહેસુલી ગામમાં ઠરાવેલ યુનિટ કોસ્ટ મુજબનું પંચાયતઘર બનાવવા માટેની યોજના અમલમાં મુકેલ છે.

ગ્રામ પંચાયતની વસ્તીના પ્રમાણે પંચાયતઘર કમ તલાટી કમ મંત્રી આવાસની યુનિટ કોસ્ટની મહતમ મર્યાદા ૧૦૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો માટે મહતમ મર્યાદા રૂા.૨૨.૦૦ લાખ, ૫૦૦૦ થી ૧૦૦૦૦ સુધી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો માટે મહતમ મર્યાદા રૂા.૧૮.૦૦ લાખ, ૫૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો માટે મહતમ મર્યાદા રૂા.૧૪.૦૦ લાખ અને જુથ પંચાયતોના મહેસુલી ગ્રામ પંચાયતો (મીની પંચાયતઘર) માટે મહતમ મર્યાદા રૂા.૬.૫૦ લાખની જોગવાઈ આ યોજના હેઠળ કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | ફાળવેલ લક્ષ્યાંક | થયેલ સિધ્ધી |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬/૧૭ | ૧૧૮ | ૧૦૨ |
| ૨ | ૨૦૧૭/૧૮ | ૨૧ | ૧૭ |

# <u>વિકાસ શાખા</u>

## <u>(૧) ૧૪મું નાણાપંચ :-</u>

૧.સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રા.વિ. વિભાગના તા.૩૦/૧૨/૧૫ના ઠરાવથી ૧૪મું નાણાપંચ વર્ષ ૨૦૧૫–૨૦ના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન અમલમાં મૂકવામાં આવેલ છે.

૨.નાણાંકીય ફંડ વર્ષ ૨૦૧૧ની વસ્તીને આધાર ગણી કુલ ગ્રાન્ટના ૯૦% ગ્રામ પંચાયતની વસ્તી અને ૧૦% ગ્રાન્ટ ગ્રામ પંચાયતના વિસ્તાર આધારે ફાળવણી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૩.ગ્રાન્ટના ઉપયોગ માટે –૧૫ પ્રકારના કામોની જોગવાઈ થયેલ છે જે નીચે મુજબ છે.

- પાણીના કામો
- સેનીટેશન
- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ
- સ્ર્ટમ વોટર ડ્રેનેજ
- આંતરિક રસ્તા
- ગામના મુખ્ય માર્ગ ઉપર ફુટપાથ
- હાટ બજાર
- પ્રાથમિક શિક્ષણમાં ખુટતી પાયાની સુવિધા
- આંગણવાડી કેન્દ્રોમાં ખુટતી સુવિધા
- સામુહિક સુવિધાઓ પુરી પાડવાના કામો
- મનરેગા યોજનાના કન્વર્ઝન્સમાં મિલ્કતોના ટકાઉપણામાં વધારો કરવા માટેના કામો
- ઈ–ગ્રામની સુવિધામાં વધારો કરવાના કામો
- વિજળીકરણના કામો
- કોમ્યુનીટી એસેટના કામો તથા કોમ્યુનીટી એસેટની જાળવણી
- કબ્રસ્તાન/સ્મશાન ગૃહના કામો

૪.દરેક ગ્રામ પંચાયતએ વર્ષ ૨૦૧૫/૧૬થી વર્ષ ૨૦૧૯/૨૦ સુધી પાંચ વર્ષ માટેનો વીલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરી તાલુકા વિકાસ અધિકારીશ્રીને ચકાસણી માટે મોકલી આપવાનો હોય છે અને તાલુકા વિકાસ

અધિકારીશ્રીએ અવલોકન કરી પ્લાન જરૂરી સૂચનો કરી પરત કરવાનો થાય અને આ પરત મળેલ પ્લાન ગ્રામ પંચાયતની ગ્રામસભામાં મંજુરી મેળવી તાંત્રિક/ વહીવટી મંજુરી મેળવી કામો શરૂ કરવાના થાય છે.

૫. જીપીડીપી આધારે ગ્રામ પંચાયતે કામની જરૂરીયાત ધ્યાને લઈ પ્રાથમિકતાના ધોરણે વાર્ષિક વિકાસ પ્લાન મંજુર કરવાનો રહે છે.

૬.વાર્ષિક પ્લાનામાં જો ફેરફાર કરવાના થાય તો તે અંગે ગ્રામસભાની મંજુરી લેવાની રહે છે.

૭.દરેક ગ્રામ પંચાયતે જીપીડીપી મંજુર થયેથી પાંચ વર્ષની વર્ષવાર ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહે છે.

બનાસકાંઠા જિલ્લામાં તમામ ગ્રામપંચાયતોની જીપીડીપી ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ થયેલ છે. ડેટા એન્ટ્રી માટે દરેક ગ્રામ પંચાયતના વી.સી.ને અલાયદા મહેનતાણું આપવાની જોગવાઈ ૧૪મા નાણાપંચમાં થયેલ છે.

૮.જિલ્લા કક્ષાએ નાણાપંચના કામોના આયોજન અને અમલવારી અંગે જિલ્લા મોનીટરીંગ કમિટીની રચના થયેલ છે અને જેના અધ્યક્ષ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા સભ્ય સચિવ હિસાબી અધિકારીશ્રીને નિયુકત કરવામાં આવેલ છે.

૯.પર્ફોમન્સ ગ્રાન્ટ માટે ગ્રામ પંચાયતના છેલ્લા બે વર્ષના ઓડીટના આધારે ગ્રામ પંચાયતની આવકમાં વધારો થયેલ હોય તો વધારો થયેલ ગ્રામ પંચાયતોને જ પર્ફોમન્સ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.

**(૨) પંચવટી યોજના :–**

રાજયના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય પ્રજાના આનંદ પ્રમોદ માટે સુવિધા યુકત બાગ બગીચાને પ્રોત્સાહક આપતી નવતર યોજના.

સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૧/૯/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક : પરચ/૨૦૦૪–૧૩૯૭–ચ થી રાજયના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં વર્ષ ૨૦૦૪/૦૫ થી પંચવટી યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

**યોજનાનો હેતુ :–**

- ગ્રામ્યપ્રજાની સુખાકારી માટે તથા ગામોમાં સુવિધાયુકત બાગ–બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ–પ્રમોદના સાધનો સહેલાઈ થી ઉપલબ્ધ થાય તે છે.
- લોકો સમી સાંજે પોતાનો સમય આનંદપૂર્વક વ્યતીત કરી શકે, મહિલાઓ પોતાના બાળકો સાથે શાંતિથી સમય પસાર કરી શકે.
- ગામની વૃધ્ધ વ્યકિતઓ આરામથી બેસી સમય પસાર કરી શકે તથા ચિંતન કરી શકે તેવા સ્થળનું નિર્માણ કરવાનો હેતુ છે.
- પંચવટી યોજનામાં પીપળ, વડ, હરડે, વેલ, અશોક તથા અનેક ફળાઉ વૃક્ષો વાવવાનાં છે, જેથી પારંપારીક સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાઈ રહે.

**જોગવાઈઃ–**

( રૂા.૫૦,૦૦૦/– (રૂા.પચાસ હજાર પુરા) ની રકમ ભરનાર ગ્રામ પંચાયતને પંચવટી યોજનામાં અગ્રીમતા આપવામાં આવશે.

( રૂા.૫૦,૦૦૦/–નો લોકફાળો ભરી ન શકે તેવી પંચાયતોને કોલગી સમિતિની ભલામણ મુજબના તથા આદિજાતિ વસ્તી ધરાવતા તાલુકાઓની ગ્રામ પંચાયતોને પંચવટી યોજનાના અમલ માટે માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી રૂા.૫૦,૦૦૦/– ની રકમ લોકફાળા તરીકે આપવા જોગવાઈ થયેલ છે.આ જોગવાઈ મુજબ બનાસકાંઠા જિલ્લાના અનુક્રમે (૧)વાવ, (૨) થરાદ, (૩)અમીરગઢ, (૪)દાંતા નો સમાવેશ થાય છે.

**નાણાંકીય જોગવાઈઃ–**

આ યોજના તળે રાજય સરકારની અંદાજ પત્રની જોગવાઈમાંથી રૂા.૧.૦૦ લાખ(રૂા. એક લાખ પુરા)નું અનુદાન પસંદ થયેલ ગ્રામ પંચાયતને પંચવટી યોજના વિકસાવવા માટે આપવા જોગવાઈ કરેલ છે.

## (3) પંચાયતઘર કમ તલાટી કમ મંત્રી આવાસ યોજના :-

### (૧) જુના અને જર્જરીત ગ્રામ પંચાયત ઘરને રીપેરીંગ કરવાની યોજનાઃ–

ગુજરાત સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગુજરાત રાજય ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ પચત/૨૦૧૫/૩૦૮૫/ચ/તા.૩૦/૪/૨૦૧૬થી આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ જે ગ્રામ પંચાયતનું મકાન ૧૫ વર્ષ કે તેથી વધુ જુનુ/જર્જરીત હોય તેવી ગ્રામ પંચાયતઘરને અપગ્રેડ (રીપેરીંગ) કરવા માટેની જોગવાઈ કરેલ છે. આ યોજનામાં પંચાયતઘરને રીપેરીંગ કરવા માટે મહતમ સહાયની રકમ રૂા.૫.૦૦ લાખ નકકી કરવામાં આવેલ છે.